


એક જાપાની કહેવત છે : '6 ફૂટ ઊંચાં-કદાવર પહેલવાનને 3 ઈંચ ટચૂકડી જીભ ભોંયભેગો કરી શકે છે.' અહીં વાત જીભની શારીરિક શક્તિની નહીં પણ જીભ દ્વારા ફંગોળાયેલા શબ્દોથી સામેવાળાને મહાત કરવાની છે. જીભ સાથે સ્વાદ પણ સંકળાયેલો છે. એને લઈને આ એક ચીની કહેવત પણ જાણીતી છે : 'મોટાભાગના લોકો પોતાની કબર જીભથી ખોદતા હોય છે' કહેવાનો મતલબ કે વધુ પડતો સ્વાદનો ચટકો માણસને મોત તરફ ધકેલે છે. આપણી કહેવત કે ઉક્તિઓ જે પણ કહેતી હોય પણ વાસ્તવિકતા એ છે કે માણસ ભૂખ્યો રહી શકતો નથી. ભૂખ્યા પેટની આગે અનેક દેશમાં બળવો જગાડ્યા છે. સો વાતની એક વાત, આદિકાળથી અત્યાર સુધી - અવનવી વાનગી અને સ્વાદ માનવમાત્ર માટે જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહ્યાં છે.







આજે તો આપણે ત્યાં કેટલાંય નગરની ઓળખ સુદ્ધાં

# સ્વાદિષ્ટ વાનગીઓના કડવા-તૂરા વાદ-વિવાદનો શું છે ઉકેલ?







**સામ્રાજ્ય વિસ્તારવા ઘણાં યુદ્ધ થયાં છે તેમ આજકાલ અન્ન માટે પણ જંગ ખેલાઈ રહ્યાં છે. 'કઈ વાનગી મૂળ ક્યાંની?' એ લઈને આજે તીવ્ર તકરાર ચાલતી રહે છે, જેના સંતોષકારક ઉકેલ માટે GI ટેગ તરીકે એક પ્રક્રિયા અમલમાં મુકાઈ છે. શું છે બહુ ચર્ચાની ચકડોળે ચઢેલી વાનગી-વસ્તુઓ અને શું છે આ GI ટેગ?**

ત્યાંની વાનગીને લીધે બની છે. ઉદાહરણ તરીકે, ચેન્નઈ (મદ્રાસ)ના ઈડલી-ઢોંસા અને મુંબઈના વડા-પાઉંની જેમ ગુજરાતની વાત કરીએ તો અહીંનાં અનેક શહેર એની વાનગીને લીધે જાણીતાં બન્યા છે, જેમકે... રાજકોટના પેંડા, જામનગરની કચોરી, ભાવનગરની બદામપુરી, વાંકાનેરનો માવો, કચ્છની દાબેલી, વડોદરાનો લીલો ચેવડો, જેતપુરના લસણવાળા સેવ-મમરા, અમરેલીમાં ટમેટા ભજીયા, પોરબંદરની ખાજલી, ઈત્યાદિ ઈત્યાદિની નામાવલિ હજુ ઘણી લાંબી છે. ખેર, જેમ અન્ન માટે યુદ્ધ ખેલાયાં છે તેમ જગતભરમાં કઈ વાનગી મૂળ ક્યાંની એ લઈને વાદ-વિવાદ થયા છે અને આજે પણ વાર-તહેવારે એ ચાલતાં જ રહે છે.

તાજેતરની વાત કરીએ તો મહારાષ્ટ્ર અને ગુજરાતની હાફૂસ (કે આફૂસ) કેરીનો વિવાદ ચાલી રહ્યો છે. કર્ણાટકમાં પણ 'દેવગડ હાફૂસ' તરીકે ઓળખાતી મસ્ત સ્વાદવાળી કેરી ધૂમ વેચાય છે. રસઝરતી કેરીનો આવો જ કડવો વિખવાદ કર્ણાટક અને આંધ્ર વચ્ચે ચાલે છે. 'તોતાપૂરી' મેંગો તરીકે જાણીતી બેંગ્લુરૂ (બેંગ્લોર)-કર્ણાટકની કેરીને સ્થાનિક ખેડૂતોના વિરોધ પછી આંધ્રમાં 'નો એન્ટ્રી' છે. આ બધા વચ્ચે મમતા દીદીનાં પશ્ચિમ બંગાળની વાત કરીએ તો બાબુમોશાયના ચિરપરિચિત લાંબાં-પહોળાં ગોળ ઉચ્ચારમાં કહીએ તો 'રોશોગુલ્લા' (રસગુલ્લા) કે 'શોંન્દેશ' (સંદેશ) કે પછી 'મિસ્ટી દોઈ' (મીઠુ દહીં) જેવી ત્યાંની મીઠાઈ તો જગવિખ્યાત છે પણ જેવી રસગુલ્લાની વાત આવે અને જેવા બંગાળીબાબુ પોરસાઈને કોલર ઊંચા કરવા જાય ત્યાં જ પાડોશી ઉત્કલ રાજ્ય એટલે કે ઓરિશ્શા એના વિરોધમાં બાંયો ચઢાવે કે 'રસગુલ્લા તમારા શાના? એ તો અમારી શોધ છે!' આમ રસગુલ્લા જેવી મધુરી વાનગી માટે એ બન્ને રાજ્યો વચ્ચે મારામારી થતી રહે છે. આવા અવિરત ચાલતા કડવા-તૂરા વિવાદમાં આપણું ફાસ્ટ ફૂડ ગણાય એવી ઈડલી પણ છે. ઈડલી હકીકતમાં દક્ષિણ ભારતની નહીં, પણ મૂળ ઈન્ડોનેશિયાની વાનગી છે એવાં કેટલાંક જબ્બર પૂરાવા ટી.આચાર્ય જેવા આહારના ઈતિહાસવિદે પેશ કરીને ચર્ચા જગાડી છે. ઈડલી સાથે સંકળાયેલું સાંભાર પણ વિવાદમાં સળવળ્યું છે. સાંભાર પણ મૂળ સાઉથની વાનગી નથી, પણ એનાં મૂળ મહારાષ્ટ્રમાં છે. કહે છે કે મરાઠા રાજવી સંભાજીના રસોયાએ એક વાર દાળમાં ભૂલથી કોકમની સાથે એવું કોઈ દ્રવ્ય ઉમેરી દીધું કે એ દાળના સ્વાદ-સોડમ પર મરાઠાભાઉ ઓવારી ગયા પછી એનું નામ સંભાજી પરથી 'સાંભાર' પડી ગયું!

ક્લોઝ-અપ જિંદગી
★ ભરત ઘેલાણી

આવી જ તૂરી તકરાર લખનવી- હૈદરાબાદી અને ક્લકત્તી બિરયાની-પુલાવના મૂળ માટે સતત ચાલ્યા જ કરે છે. હૈદરાબાદની અનેક રેસ્ટોરાં તો પોતાની આ વાનગીની જાહેરખબરમાં બિન્ધાસ્ત દાવો કરે છે કે અમારી હૈદરાબાદી બિરયાની જ અસ્સલ અને શ્રેષ્ઠ છે... બાકી બધાની કહેવાતી બિરયાની તો પુલાવ માત્ર છે! હવે સતત ચાલતા આવા વાદ-વિવાદના સંતોષકાર ઉકેલ માટે કેન્દ્ર સરકારે એક એજન્સીની સ્થાપના કરી છે, જે કોઈ પદાર્થ, વસ્તુ, વાનગીનું ઐતિહાસિક- ભૌગોલિક મૂળ શોધી નિર્ણય લઈને એને GI Tag એટલે કે 'જ્યોગ્રોફિક આઈડેન્ટિફિકેશન 'તરીકે ઓળખાતો એક ચોક્કસ નંબર આપે છે. આવો GI Tag નિકાસકર્તાની વસ્તુ-વેચાણ માટે મહત્વનો ગણાય છે. કોઈ વસ્તુ-પ્રોડક્ટ મૂળ ક્યાંની છે એની પૂરતી ચકાસણી પછી અપાતો આવો GI Tag બધાને બંધનકર્તા છે. અને એ માન્ય રાખવો પડે છે. આવા ટેગનો ખાસ ફાયદો એ છે કે આપણી સ્વદેશી વસ્તુ-ઉત્પાદનને એના દ્વારા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં માન્યતા મળે છે ને પાછળથી અન્ય કોઈ દેશ એની પેટન્ટ પર દાવો નથી કરી શકતું (જેવું અગાઉ હળદર- આંબળા-લીમડાના આયુર્વેદિક ઉત્પાદનો સહિત મૂળ ભારતીય યોગ-આસનોને લઈને જબરા વિવાદ જાગ્યા હતા!)

આવા ઝગડા માત્ર વાનગી કે મીઠાઈ પૂરતા જ મર્યાદિત નથી રહ્યા. ભોજન કક્ષની બહાર પણ અમુક






ચીજ-વસ્તુ મૂળ ક્યાંની એને લઈને અફરાતફડી જામે છે. એક ચોક્કસ પ્રકારની ડિઝાઈનમાં બનેલા અને વજનમાં હળવા તેમજ પહેરવામાં સરસ મજાનાં લાગે એવાં ચામડાના ચપ્પલ મહારાષ્ટ્રના કોલ્હાપુર શહેરની દેન ગણાય છે. મુખ્યત્વે ત્યાં જ તૈયાર થાય છે એટલે આ પગરખાં 'કોલ્હાપુરી ચપ્પલ' તરીકે જાણીતા છે. મહારાષ્ટ્રનાં સાંગલી- સતારા-શોલાપુરથી લઈને છેક કર્ણાટકમાંય એ જ પ્રકારના બનતાં ચપ્પલ 'કોલ્હાપુરી' તરીકે વેંચાવા લાગ્યા ત્યારે મૂળ કોલ્હાપુરના ચપ્પલ ઉત્પાદકો-વિક્રેતાઓએ પેટન્ટ- ડિઝાઈન- ટ્રેડમાર્કસની સરકારી એજન્સીમાં વિરોધ નોંધાવીને કોર્ટે ચઢવાની ચીમકી આપી હતી.

કોલ્હાપુરી ચપ્પલનો એથી વધુ જગજાહેર વિખવાદ તો તાજેતરમાં ગાજ્યો હતો. ઈટલી -મિલાનની વર્લ્ડ ફેમસ હાઉસ 'પ્રાડા'એ મહારાષ્ટ્રના કોલ્હાપુરી ચપ્પલને પોતાની પ્રોડક્ટ ગણાવી એક ફેસન-શોમાં રજૂ કર્યા ત્યારે જબરો ઊહાપોહ મચી ગયો. કોલ્હાપુર ચપ્પલના ઉત્પાદકોએ તીવ્ર પ્રતિક્રિયા રૂપે 'પ્રાડા'ને કોર્ટમાં ઘસડી જવાની ચીમકી આપી ત્યારે 'પ્રાડા'એ જાહેરમાં માફી માગીને કોલ્હાપુરી ચપ્પલનું સહિયારું ઉત્પાદન કરવાની સમજૂતિ સાધવી પડી! આવા જ અનેક વિવાદ-વિખવાદ વાનગીથી માંડીને અનેક ચીજ-વસ્તુઓ માટે સર્જાયા છે.

ઉદાહરણ તરીકે, મધ્યપ્રદેશનું ચંદેરી નગરની વિશિષ્ટ પ્રકારની 'ચંદેરી' સાડી, દાર્જીલિંગની મસ્ત ચા, સુગંધી 'મૈસૂર અગરબત્તી', ઈત્યાદિ... ટૂંકમાં કહીએ તો આજે સ્થાનિક કહી શકાય એવા 375થી વધુ મૂળ ઉત્પાદકોએ એમની પ્રોડક્ટ્સ માટે GI ટેગ મેળવ્યો છે. ગયા વર્ષે મહારાષ્ટ્ર સરકારે લાતુરની દાળ અને જલનાની જુવાર સહિત 9 વસ્તુને પણ GI ટેગની ઓળખ આપી છે. એ જે રીતે GI ટેગ ઉપરાંત 3600થી વધુ ઉત્પાદન એવાં છે, જેને દેશ-વિદેશના વેચાણ વખતે વાપરવા માટે GI સર્ટિફિકેટ પણ મળ્યાં છે. આમ છતાં ઘણી વાર અસલી અને નકલીના ડખા ઊભા થતા રહે છે. આ બધા વચ્ચે ઓરિસ્સા-બંગાળના રસગુલ્લાનો વિવાદ તો એવો જબરો રહ્યો કે સરકારે બન્નેને અલગ અલગ GI ટેગ આપીને એ તકરારનો તો કામચલાઉ ઉકેલ આણ્યો છે. દેશ-વિદેશમાં 'દાર્જીલિંગ ટી'ના નામે થયેલા ઘણા વિવાદ થયા પછી પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ અને કલિમ્પોંગ જિલ્લાનાં ખેતરોમાં કુદરતી રીતે ઉગેલી ચાની પત્તીને જ એ નામ મળે એવો ચુકાદો અપાયો છે. બીજી તરફ, 40 લાખ ટન જેવી તોતિંગ નિકાસ થાય છે એ આપણા ચિરપરિચિત 'બાસમતી રાઈસ'ની પેટન્ટ મેળવવા અમેરિકાની એક તગડી કંપનીએ જબરી ધમાલ કરી હતી, પણ સફળતા ન મળી. આજે આપણા GI ટેગવાળા બાસમતી ચોખા પાડોશી પાકિસ્તાનના રાઈસ સાથે વિદેશોમાં તીવ્ર સ્પર્ધામાં છે. અને હા, આસ્થાળુઓ માટે અતિપવિત્ર ગણાતા તિરુપતિ દેવસ્થાનના પ્રસાદ એવાં લાડુને પણ પેટન્ટ - GI ટેગની લડાઈમાં અટવાવું પડ્યું છે. કોર્ટ-કચેરીની લાંબી બબાલ પછી તિરુપતિ દેવસ્થાન અને આન્ધ્ર સરકારને હવે સત્તાવાર GI ટેગનાં 'દર્શન' થયા છે..!